# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/197 Dt. 20/10/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ઈન્ડોનેશિયામાં તાન્ઝાનિયાના પ્રતિનિધિ મંડળ સાથે ચર્ચા કરી

## ગ્લોબલ વિલેજ 2026માં તાન્ઝાનિયાની સરકાર પ્રતિનિધિ મોકલશે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ ગ્લોબલ ટ્રેડ એક્સ્પો માટે ઈન્ડોનેશિયાની મુલાકાતે ગયેલા ચેમ્બરના 16 સભ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે ઈન્ડોનેશિયાના પ્રતિનિધિ મંડળ ઉપરાંત તાન્ઝાનિયાના ડોડોમા પ્રાદેશિક કમિશનરની કચેરીના વેપાર અને ઉદ્યોગના સહાયક વહીવટી સચિવ શ્રી મ્વાજાબુ એ. ન્યામકોમોરા સાથે પણ વાતચીત કરી હતી. આ પ્રતિનિધિ મંડળમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદી અને વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો.

શ્રી ન્યામકોમોરાએ દ્વિપક્ષી સહયોગને મજબૂત કરવામાં ઊંડો રસ દાખવ્યો હતો અને ખાતરી આપી હતી કે, સુરત ખાતે ગ્લોબલ વિલેજ 2026માં તાન્ઝાનિયાની સરકારનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે.

શ્રી નિખિલ મદ્રાસીએ શ્રી બિજલ જરીવાલા અને શ્રી મિતિશ મોદી સાથે કાપડની નિકાસ, પુનઃપ્રાપ્ય ઊર્જા, શિક્ષણ અને ઔદ્યોગિક ઉપકરણોના પુરવઠા જેવા સંભવિત સહયોગના ક્ષેત્રો પર ચર્ચા કરી હતી.

આ બેઠકમાં તાન્ઝાનિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખે ભારત અને તાન્ઝાનિયા વચ્ચે વેપાર અને રોકાણના આદાનપ્રદાનને સરળ બનાવવા માટે એસજીસીસીઆઈ સાથે સંસ્થાકીય સંબંધોને ઔપચારિક બનાવવામાં રસ દાખવ્યો હતો.